Read in English

## સંકલ્પ

સૌ સત્સંગીઓ પ્રભુ અને ગુરુહરિની સ્મૃતિ સાથે શેષ જીવનપર્યંત અને સવિશેષપણે પવિત્ર ચાતુર્માસ દરમિયાન દરરોજ અડધો કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવી. મહામંત્રની ધૂન કરતાં પહેલાં નીચે જણાવેલો સંકલ્પ કરી, તે સાકાર થાય તે માટે પ્રભુ અને ગુરુહરિની સ્મૃતિ સાથે વ્યક્તિગત અથવા સંભવ હોય તો સમગ્ર પરિવારે સાથે બેસી અડધો કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવી.

સંકલ્પ : હે પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે પ્રભુનાં સર્વ સાકાર, દિવ્ય ગુણાતીત સ્વરૂપો ! હે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી ! અમારા મનની વૃત્તિ અખંડ ભગવાનના સ્વરૂપમાં રહે. અમારા ગુરુ તથા પ્રગટ ગુરુહરિની પ્રસન્નતા અર્થે ગુરુઆજ્ઞાથી અમે જે સેવા કે પ્રવૃત્તિમાં જોડાઈએ તેમાં ફરિયાદ કર્યા વિના, સૌ સાથે સંપ-સુહૃદભાવ અને એકતા જાળવી, પ્રભુનું કાર્ય પ્રભુની રીતે પ્રભુ અને ગુરુહરિ રાજી થાય તેવી રીતે કરીએ. હે પ્રભુ ! હે ગુરુહરિ ! અમારું જીવન ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, ગુરુહરિ યોગીજી મહારાજ તથા આપના દિવ્ય કાર્યના વાહકરૂપ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ દ્વારા પરમ દિવ્ય બની રહે તેવા આ સંકલ્પ સાકાર થાય તે માટે આપની કૃપા અને બળની પ્રાર્થના સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની શ્રદ્ધાપૂર્વક અને ગુરુહરિની સ્મૃતિ સાથે ધૂન કરીએ છીએ.

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!

## Sankalp

All the Satsangis should recite Shri Swaminarayan Mahamantra for half an hour every day during the holy Chaturmas for the rest of their lives with the memory of Shree Thakorji Maharaj and Guruhari. Before reciting the Mahamantra, make the following resolution, to make it a reality, with the memory of Shree Thakorji Maharaj and Guruhari, personally or if possible, the whole family should sit together and chant Shri Swaminarayan Mahamantra for half an hour.

**Sankalp: He Prabhu Shree Swaminarayan Bhagwan! He Aksharbrahma Shree Gunatitanand Swamiji! He Prabhuna Sarva Sakaar, Divya Gunatit Swaroopo! He Pragat Guruhari Sant Bhagwant Sahebji! Amara mann ni vrutti akhand Bhagwan na swaroop ma rahe. Amara Guru tatha Pragat Guruhari ni prasannata arthe Guruagna thi ame je seva ke pravrutti ma jodaiye, tema fariyad karya vina, sau sathe samp-suhardbhav ane ekta jaadvi, Prabhunu karya Prabhu ni rite Prabhu ane Guruhari raji thay tevi rite kariye. He Prabhu! He Guruhari! Amaru jivan Guruhari Shastriji Maharaj, Guruhari Yogiji Maharaj tatha apna divya karya na vahakroop ane Shree Akshar-Purushottam Upasana na acharan dwara param divya bani rahe teva aa sankalp sakaar thay te mate aap ni krupa ane bal ni prarthana sathe "Shree Swaminarayan" Mahamantra ni shraddhapurvak ane Guruhari ni smurti sathe dhun kariye chhiye.**

**ॐ Swaminarayan… Swaminarayan… Swaminarayan…!**